જૈન ધ્યાનમાં સામાયિક, પ્રતિક્રમણ અને કાયોત્સર્ગના સુંદર નિરૂપણ છે. આ ઉપરાંત પ્રેક્ષાધ્યાન, ગ્રંથિભેદ અને આત્માનું આત્મા વડે ધ્યાન વગેરે અનેક પ્રકારે ધ્યાન સાધના કરવાની વાત આવે છે. ગુણવત્તાની દ્રષ્ટિએ જૈનોમાં ધર્મધ્યાન અને શુકલધ્યાનને આગવું બતાવી તેમાં જ મન સ્થિર કરવાની આજ્ઞા છે. અશુભ ધ્યાન સ્વરૂપ આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાનથી દૂર રહેવાથી કષાયોથી મુક્તિ મળે છે અને મન પ્રફૂલ્લિત રાખી શકાય છે.

**(૩) તબીબી વિજ્ઞાન :**

તબીબી વિજ્ઞાન વિશે ઉત્તરાધ્યયન સૂત્ર બૃહદ્‌વૃત્તિ, વિપાક સૂત્ર, આચારાંગ સૂત્ર નિર્યુક્તિ, સ્થાનાંગ સૂત્ર વગેરેમાં સવિસ્તૃત વર્ણન છે.

સાત્વિક આહાર, વિગઈ વગરનો આહાર, તપશ્ચર્યા, મનનો નિગ્રહ, જીવન પ્રત્યેનો હકારાત્મક અભિગમ, સામાયિક, પ્રતિક્રમણ, ધ્યાન વગેરે અપનાવવાથી હૃદય રોગ અને અન્ય હઠીલા રોગો ઉપર પણ કાબુ મેળવી શકાય છે. સ્વાસ્થ્યને લગતી સમસ્યા સાંપ્રત સમાજનો સળગતો પ્રશ્ન બની રહ્યો છે. ત્યારે આ સંજોગોમાં શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય મેળવવા માટે તથા જાળવવા માટે જૈન ધર્મના સિદ્ધાંતો સૌથી વધારે અનુરૂપ જણાય છે. તેને અનુસરવાથી હકારાત્મક સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે, રોગોની નાબુદી થાય છે.



માણસ પોતાનું ઘમંડ એના સારા સમયે બતાવે છે..
પણ એનું પરિણામ એને તેના ખરાબ સમયે ભોગવવું પડે છે.

આપણી જીવનપદ્ધતિ ઘણા આજીવન રોગો જેવા કે હૃદયરોગ, બી.પી., ડાયાબિટીસ, લકવા તથા કેન્સરની કારણભૂત છે. આપણી ખરાબ જીવનશૈલી, આહારશૈલી, કસરતનો અભાવ તથા મનના નકારાત્મક અભિગમના કારણે ઘણા હઠીલા રોગો ઘર કરે છે. જો જૈન જીવનપદ્ધતિથી જીવવામાં આવે તો આ બધા રોગો ઉપર કાબુ મેળવી શકાય. આ અંગે થોડુઘણું સંશોધન થયું છે. પણ જૈન આહારવિજ્ઞાન અને જીવનશૈલી ઉપરવિશેષ સંશોધન કરવાની તાતી જરૂર છે, જેનાથી ઘણાનું કલ્યાણ થઈ શકે.

જૈન આગમ તંદુલવેયાલિય પયગ્રા ગ્રંથમાં ગર્ભવિકાસ (Embryology) નું વર્ણન છે. તથા શરીર સંરચના (Anatomy) નું વિવરણ પણ જૈન આગમોમાં છે.

(૪) અન્ય વિજ્ઞાન :

ધ્વનિવિજ્ઞાન, મંત્રવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, પર્યાવરણની જાળવણી, અર્થશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, ધાતુવિજ્ઞાન, આભામંડળનું વિજ્ઞાન વગેરે વિજ્ઞાનનું પણ જૈન દર્શનમાં નિરૂપણ થયું છે.

જૈન આગમ અનુયોગદ્વાર સૂત્રમાં રાગ-રાગિણી, ધ્વનિ અને શબ્દની અદ્ભુત અસરો ઉપર સુંદર વિવરણ છે. પ્રભુ મહાવીર માલકૌંસ રાગમાં દેશના આપતા એવું કહ્યું છે. જૈનોનું મંત્રવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન અને ધ્વનિવિજ્ઞાન પણ ગહન છે. જૈન પરંપરાનો નવકારમંત્ર અત્યંત પ્રભાવક ગણાય છે. તેની બીજી પણ મોટી એક વિશેષતા છે કે તે સંપૂર્ણપણે બિન સાંપ્રદાયિક છે. તેમાં તીર્થંકર પરમાત્મા કે સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તરીકે કોઈના વ્યક્તિગત નામ નથી. એ કક્ષાએ પહોંચેલ કોઈપણ તીર્થંકર, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ જે કોઈ હોય તે સૌને ભાવપૂર્વક વંદન કરી તેમના ગુણો પોતાનામાં ઊતારવાની વાત છે. છેલ્લે આ જગતમાં વિચરતા અને પૂર્વના જે કોઈપણ સાધુ (સચ્ચરિત્ર) ને નમસ્કાર દ્વારા સુંદર વિનયની વાત કરી છે.

જૈનોના અન્નત્થ સૂત્રમાં કાયોત્સર્ગ પૂર્વેની ભૂમિકા અને તેમાં થતા અનૈચ્છિક સૂક્ષ્મ દોષોનું સુંદર વૈજ્ઞાનિક આલેખન છે. ટૂંકમાં, ધાર્મિક સૂત્રોમાં પણ ખૂબ ઊંડાણ છે.

જૈન શાસ્ત્રોમાં આવતી વેશ્યાઓ આજના આભામંડળની કિલિયન તસ્વીરો દ્વારા સમજાવી શકાય. જૈન સૂત્રોમાં રસાયણશાસ્ત્ર અને ધાતુવિજ્ઞાનની વાત છે. પારો કેમ સિધ્ધ કરવો અને સુવર્ણ સિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે તેના પણ ઉલ્લેખો છે. જૈન જ્યોતિષશાસ્ત્ર તો જગવિખ્યાત છે જ.

પરમાત્મા મહાવીરસ્વામિએ અહિંસાને ધર્મમાં અગ્રીમતા આપી સાથે પર્યાવરણની સમતુલાના મહત્ત્વના સિદ્ધાંત આપ્યા. ભગવાન મહાવીરના અર્થશાસ્ત્રને લગતી અને અર્થવિભાજનની પદ્ધતિના અત્યંત સુંદર સિદ્ધાંતો જો વિશ્વમાં પ્રસરે તો કોઈપણ મનુષ્ય દરિદ્ર ન રહે.

આ દર્શાવે છે કે જીવનના સૂક્ષ્માતિસૂક્ષ્મ પાસાઓનું પણ જૈન દર્શન પાસે ગહન ચિંતન છે. અને વિશેષ છણાવટ સાથે તેના ઉપોયોની અદ્ભુત વાતો છે.

જૈન દર્શનમાં અદ્ભુત કાર્મિકવાદનો નિર્દેશ કરાયો છે. કર્મવાદના સિદ્ધાંતો દ્વારા જગતની સૂક્ષ્માતિસૂક્ષ્મ ઘટનાઓ અદ્ભુત રીતે સમજાવી શકાય છે. કોનો જન્મ કઈ યોનિમાં થયો, કોને કેવું સુખ, સમૃદ્ધિ કે દુખ કેમ મળે છે તે તેના દ્વારા સમજાવી શકાય. કર્મવાદને આમ તો કદાચ જિનેટિક કોડિંગ સાથે તાર્કિક સંબંધ છે. પણ સાચું પૂછો તો કર્મવાદએ જિનેટીક કોડિંગ કરતાં વધારે તર્કબદ્ધ છે અને સચોટ છે. બીજી રીતે કહીએ તો કામિક કોડિંગમાં જિનેટિક કોડિંગ સિદ્ધ કરી શકાય છે અને તે જ વિજ્ઞાનનો કાર્ય કારણ સિદ્ધાંત (Principle of causality) છે. જેમ કર્મવાદ જૈન દર્શનનું હૃદય છે. તેમ યાવાદ (અનેકાંતવાદ) જૈન દર્શનનું મસ્તિષ્ક (મગજ) છે. અત્યારના પ્રસિદ્ધ સાપેક્ષવાદ કરતાં જૈનદર્શનનો સ્યાદ્વાદ વધુ સચોટ છે. અને બ્રહ્માંડના નિયમોની વ્યાખ્યા વધુ સારી રીતે સમજાવી શકે છે. એમાં કોઈ બાંધછોડને અવકાશ નથી.એક તુલનાત્મક અભ્યાસ મુજબ આખી ક્વોન્ટમ થિયરી આપણા અનેકાંતવાદ અને સપ્તભંગી દ્વારા સુંદર રીતે સમજાવી શકાય તેમ છે. અનેકાંતવાદ એ એક ભૌતિક વાસ્તવિકતા છે તે સિદ્ધ કરી શકાય તેમ છે. જૈન દર્શન તો કર્મને પણ એક પૌદ્ગલિક સ્વરૂપમાં સ્વીકારે છે. તે એક અત્યંત અદ્ભૂત વાત છે અને તે વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા સિદ્ધ થઈ શકે તેમ છે.

જૈન દર્શનના લાક્ષણિક સિદ્ધાંતો - અહિંસા, અનેકાંતવાદ, સપ્તભંગી, ધર્મ-કર્મના સિદ્ધાંત, ક્રમબદ્ધ પર્યાય.. આ બધું ક્વોન્ટમ ફિઝિક્સ, કાર્યકારણભાવ (causlity), Entanglement, Determinism, mach's Principle, ઉત્ક્રાંતિના વૈજ્ઞાનિક સિદ્ધાંત વગેરે સાથે સુંદર રીતે સમજાવી શકાય. ટૂંકમાં જૈન દર્શન અને આધુનિક વિજ્ઞાનમાં કેટલીય વાતો સમાંતર છે. અને વિજ્ઞાનના વિકાસ સાથે જૈન દર્શનની આ બધી વાતોને વધુ ને વધુ વૈજ્ઞાનિક પુષ્ટિ મળી રહી છે, જે આજથી ૧૦૦ વર્ષ પૂર્વે ન હોતું. તાત્પર્ય એ કે વિજ્ઞાનનો વ્યાપ હજી વધશે તો જૈન ધર્મની વાતો હજી વધુ સારી રીતે સમજી શકીશું. જૈન આગમ અને જૈન પુરાતન ગ્રંથોમાં ઘણી બધી વિગતો એવી નિરૂપાયેલી છે કે જે સાંપ્રત વિજ્ઞાનના જ્ઞાનથી પણ સમજી શકાઈ નથી. આ રીતે જોવા જઈએ તો જૈન દર્શન પાસે ઊર્જાના સ્ત્રોતો વિશે, આહારના અન્ય વિકલ્પો વિશે, કામિક બંધનો, આહાર, સ્વાસ્થ્ય, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન, વગેરે વિજ્ઞાનમાં કરવા જેવા અનેક નવા સંશોધનો પર ધ્યાન કેન્દ્રિત કરી, યોગ્ય પરિણામો મેળવી જૈન ધર્મ તરફથી માનવ જાતિને શ્રેષ્ઠ ભેટ આપી શકીએ.

સાચું પૂછો તો જૈન દર્શનના પ્રત્યેક નિયમમાં - સિદ્ધાંતમાં વિજ્ઞાન સમાયેલું છે કારણકે ભગવાન મહાવીર સર્વજ્ઞ હતા. આધુનિક વિજ્ઞાનની ઘણી બધી મર્યાદાઓ છે. તેથી અવાર નવાર આપણા દ્રષ્ટિકોણને - માન્યતાને બદલવી પડે છે. જ્યારે વિદ્વાનોના મતે જૈન દર્શન શાશ્વત હોવાથી એમાં તસુયે બદલાવને અવકાશ નથી. જૈન દર્શનમાં બતાવેલી આત્મા, પુનર્જન્મ, મોક્ષની વાતો વિજ્ઞાનની સમજની બહાર છે. આપણે આપણા શાસ્ત્રોને ખોટી રીતે સમજવાની ભૂલ એટલા માટે કરીએ છીએ કે આધુનિક વિજ્ઞાન પાસે એમાં દર્શાવેલ સત્યો સમજવા જેટલું ઉંડાણ નથી અને વિજ્ઞાનના માપદંડને મર્યાદા છે અથવા તો શાસ્ત્રોના ભાષાંતર, રૂપાંતર વખતે ક્યાંક કશુંક રહી ગયું હોય. ગમે તે હોય તો પણ આપણે આપણા ધર્મમાં શ્રદ્ધા રાખવી પડશે. હા, સંપૂર્ણ વિશ્વાસ અને સમર્પણ જરૂરી છે. આપણે આપણા મહાન કર્મોને સમજવા માટે સામ્યક્ દ્રષ્ટિનો વિકાસ કરવો જોઈએ. સાથે સાથે વિજ્ઞાન મેળવેલ સિદ્ધિ અને સમજને પણ બિરદાવવા રહ્યા. જે વાતો વિજ્ઞાને સર્વ સિદ્ધ કરી છે. અને જેનો ધાર્મિક વિધાનો સાથે મેળ ન ખાતો હોય તેવી વાતોને રીસર્ચ દ્વારા ચકાસવી જોઈએ અને જે તે સમયના સત્યને યથોચિત સ્વીકારાવામાં ક્ષોભ ન અનુભવવો જોઈએ કેમકે સત્યથી ઉપર, પ્રામાણિકતાથી વિશેષ કશું જ નથી.

અગાઉ જણાવ્યું તે મુજબ આખીયે ભારતીય સંસ્કૃતિ એ કાળે ઉન્નતિના શ્રેષ્ઠતમ શિખરે હતી. પવિત્ર વેદો, બૌદ્ધ ગ્રંથો તથા તે કાળના અન્યદર્શનોમાં પણ ખરેખર અદ્ભુત જ્ઞાન - વિજ્ઞાન ની વાતો લખાયેલી છે. જેનો યથોચિત અભ્યાસ આખીય માનવજાતી અને પૃથ્વીના જીવ માત્રને કલ્યાણ અર્પી શકે. આજે આપણે બધાએ કટિબદ્ધ થઈને પ્રતિજ્ઞા કરવી પડશે કે આપણા ધર્મના અમૂલ્ય વારસાને સમજીશું. તેને ગરિમા પ્રદાન કરીશું. બધાથી વધારે ઉત્કૃષ્ટ સંશોધન કરી સમસ્ત પૃથ્વી પરના જીવોના ઉત્થાન માટે પ્રયત્ન કરીશું તો વિશ્વકલ્યાણ અને વિશ્વશાંતિનું જૈન ધર્મનું સ્વપ્ન સાકાર થાય અને સાથે સાથે ક્ષણનો પણ પ્રમાદ કર્યા વગર પોતાના આત્માના કલ્યાણ માટે આત્મસાક્ષાત્કાર કરી મુક્તિના પંથે પ્રયાણ કરી શકીશું.

- વિજ્ઞાન અને ધર્મશાસ્ત્રોના યત્કિંચિત ઉંડાણ સમજવામાં આ લેખ લખવામાં મદદરૂપ તમામ તજજ્ઞો, વૈજ્ઞાનિકો તથા પંડિતોનો હું હૃદયપૂર્વકનો આભાર માનું છું. તેમ છતાં આ લેખમાં કે અન્યત્ર મારી બુદ્ધિની મર્યાદાના કારણે જિનાજ્ઞા વિરૂદ્ધ મારાથી કાંઈ પણ પ્રરૂપણા થઈ હોય તો તે માટે મિચ્છા મિદુક્કડમ્.

# ક્યારે પકડવું ? રાકેશ ઝુનઝુનવાલા, ક્યારે અટકવું ? – લીઓ તોલ્સતોય અને કયારે છોડવું ?– કૃષ્ણ

(૧) ક્યારે પકડવું ? હર્ષદ મેહતા થી રાકેશ ઝુનઝુનવાલા :

હર્ષદ મેહતા જયારે કવિન-વજીરની ચાલ ચાલતા ત્યારે રાકેશ ઝુનઝુનવાલા હજુ પોન-પ્યાદાની ચાલ ચાલતા હતા. જ્યારે હર્ષદ મેહતા ચેક મેટ થઈ ગયા ત્યારે રાકેશ ઝુનઝુનવાલે હજુ વજીરની ચાલ ચાલવાનું શરૂ કરેલું. રાકેશભાઈ પણ હર્ષદભાઈ મેહતા પાસે થી કઈ ન શીખ્યા અને એ પણ કસમયે ચેક મેટ થઈ ગયા. આ બન્ને એમના સમયના બીગ બુલ હતા. હર્ષદભાઈ તો યુવાનીમાં જ વિદાય થયા અને રાકેશભાઈ એ હજુ સીનીયર સિટીઝન પદવી મેળવી અને જીવન માણવાના દિવસો આવ્યા ત્યાં જ ગેમ સંકેલી લીધી. આ બન્ને પાસે તકને પકડી લેવાની ગજબની આવડત હતી. ક્યારે શેર લેવા અને ક્યારે વેચવા આ બંને તક ઝડપી લેવામાં આ બંને માહિર હતા. રાકેશભાઈ પાસે ખૂટે નહીં એટલી સંપતી હતી. આમ છતાં તેને માણી ન શક્યા.

(૨) ક્યાં અટકવું – લીઓ ટોલ્સટોય

ટોલસ્ટોયની એક વાર્તા હતી કે એક જમીનદાર પાસે હજારો વીઘા જમીન હતી એમાંથી એ અમુક જમીન દાન કરવા માગતો હતો. આથી તેણે જાહેરાત કરી કે સૂર્યોદય સમયે ગામને પાદર બધા આવી જાય. જે વ્યક્તિ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં જે કંઈ જમીન ચાલીને જઈ આવે તે જમીનનો તે માલિક તે થઈ જશે. આથી એક લોભી ખેડૂત હતો તેણે વધારેમાં વધારે જમીન લેવા એટલું ચાલ્યો કે જમવા માટે પણ ન રોકાયો. પરંતુ એ ખેડૂતને ખબર ન હતી કે ક્યાં અટકવું – ક્યારે અટકવું અથવા તો ક્યાંથી પાછા વળવું. પરિણામે મધ્યાન સમયે પાછા વળવું જોઈએ તેના બદલે ઢળતી સાંજે પાછા ફરવાનું શરૂ કર્યું. પરિણામે જ્યાંથી શરૂ કર્યું હતું ત્યાં સૂર્યાસ્ત પહેલા પહોંચવા માટે ભૂખ્યા પેટે પણ એટલો સખત દોડ્યો કે નક્કી કરેલી જગ્યા પર પહોંચતા જ તેના પ્રાણ નીકળી જાય છે અને તેને ૬ ફીટ ની જગ્યા મળે છે જ્યાં તેની કબર થાય છે. આમ મંજિલ સુધી પહોચવામાં કે મંજિલ મેળવવામાં જ જિંદગી પૂરી થઇ ગઈ. જીવવા માટે મંજિલ ચોક્કસ જોઈએ પણ મંજિલ માટે જ જીવન ન વેડફી નાખવાનું હોય. આથી ક્યાં અટકવું આ ખબર હોવી જોઈએ.

(૩) ક્યારે છોડવું – કૃષ્ણ

જરાસંધ સાથે સતર સતર વખત લડાઈ કર્યા પછી મથુરા વાસીઓનું જીવન અસ્ત વ્યસ્થ થઈ ગયું હતું. જરાસંઘને મથુરા સાથે વાંધો ન હતો પણ કૃષ્ણ સાથે જ વાંધો હતો. આથી એક યાદવે વૃષ્ટિ સંઘની મીટીંગમાં કૃષ્ણને કહ્યું કે તારા અમારા પર અપરમ્પાર ઉપકારો છે અમે તેનું ઋણ ચૂકવીએ તેટલું ઓછું છે પરંતુ સતર સતર વખત યુદ્ધ કરીને બધા થાક્યા છે અને જરાસંઘને તારી સાથે દુશ્મની છે. આથી જો તું મથુરા છોડી દે તો આ યુદ્ધ અટકી જાય કૃષ્ણ પણ વિચારે છે કે વાત તો સાચી છે. અને મથુરા છોડી દે છે લોકો રણછોડ કહેશે તેની ચિંતા ન કરી ફિકર ન કરી. આ પછી સોનાની દ્વારકા નિર્માણ કરી.

આ ત્રણેય પ્રસંગો પરથી લાગે કે જીવનના દરેક તબ્બકે આ ત્રણ ઘટનાઓ બનવાની છે. યુવાનીમાં આવતી તકને પકડવાની છે. જો યોગ્ય તક યોગ્ય સમયે ન પકડાય તો માણસે જીવનભર પસ્તાવું પડે છે. જેઓ ખુબ સમજુ અને શાર્પ છે તેઓ યોગ્ય તકને સમયસર પકડી લે છે. આથી જીવનમાં સતત પ્રગતિ કરતા રહે છે. આ પછીનો બીજો તબક્કો એટલે ક્યાં અટકવું એ ખબર નથી પડતી. આપણું શરીર આપણને સંકેત આપે છે કે ભાઈ હું ડાયાબિટીસ છું બોર્ડર પર ચક્કર લગાવું છું અને તને કહેવા આવું છું કે અટકી જા. હું બી.પી. છું અને હજુ તારી હદમાં પ્રવેશ કર્યો નથી ત્યાં સુધીમાં તું અટકી જા. પરંતુ આપણે તો પેલા ખેડૂતની જેમ વધુને વધુ જમીન હાસિલ કરવાની જેમ વધુને વધુ બેંક બેલેન્સની મંજિલ મેળવવામાં આ સરહદે લડતા દુશ્મનો તરફ ધ્યાન જ નથી આપતા. પરિણામે હર્ષદ મેહતા કે રાકેશ ઝુનઝુનવાલ કે પેલા ખેડૂતની જેમ બધું મેળવ્યા છતાં કઈ જ ભોગવી નથી શકતા. આપણે જીવનને અલવિદા કહેવું પડે છે. કૃષ્ણને કંસને મારી નાખવાની તક ઝડપતા પણ આવડી, જરાસંઘ સાથે યુદ્ધમાં અટકતા પણ આવડ્યું અને રણછોડરાય થઇને મથુરા છોડતા પણ આવડ્યું. જીવનના ત્રણેય તબક્કા જીવી દેખાડ્યા. આવા તો અનેક પ્રંસગો કૃષ્ણના જીવનમાં જોવા મળે છે. જ્યાં ક્યાં પકડવું , ક્યાં અટકવું અને ક્યાં છોડવું આ કૃષ્ણના જીવનમાં જોવા મળે છે. તો કૃષ્ણને અલગ અલગ દ્રષ્ટી કોણથી મૂલવીએ અને માણીએ.

કૃષ્ણ ને ઘરમાં લાવવા સહેલા છે, પણ એને હૃદયમાં પધરાવવા તો, રાધા થવું પડે... કૃષ્ણ ને શોધવા સહેલા છે, પણ સ્વયં ને એનામાં સમાવવા તો, મીરા થવું પડે...કૃષ્ણ ને ભોગ લગાવવા સહેલા છે, પણ ભૂખ્યા રહી અન્નનો છેલ્લો દાણો, એને અર્પણ કરવા તો, સુદામા થવું પડે... કૃષ્ણ ભજવા સહેલા છે, પણ મુશ્કેલ સમયમાં એકેય શંકા વગર, એને બોલાવવા તો, દ્રૌપદી થવું પડે... કૃષ્ણ ને મિત્ર બનાવવા સહેલા છે, પણ એના વૈભવ ને નકારી, એની મિત્રતાને પામવા તો, અર્જુન થવું પડે... કૃષ્ણ ને ગુરુ બનાવવા સહેલા છે, પણ એની શિક્ષા ની લાજ માટે, સ્વયં નું મૃત્યુ સ્વીકારવા તો, અભિમન્યુ થવું પડે... ઈશ્વર બનીને વરદાન આપવા સહેલા છે, પણ ઈશ્વર થઈને માણસની વેદના ભોગવવા તો, માત્ર 'કૃષ્ણ' જ થવું પડે..!

# જિંદગીનું પોટલું

એક વખત એક માણસ પોતાનાં દુઃખોથી અતિશય કંટાળી ગયો. રાત-દિવસની મગજમારી, પત્ની સાથે અણબનાવ, છોકરાંવની નિશાળ, ટ્યૂશન, પરીક્ષાઓ, એમને ક્યાં ગોઠવવાં એની માથાકૂટ, ધંધામાં ચડતી-પડતી, વૃદ્ધ માતા-પિતાની માંદગી અને એવા તો બીજા અનેક પ્રશ્નો અને જવાબદારીઓનું પોટલું ખભા પર ઉપાડીને ચાલતાં એ બિલકુલ ત્રાસી ગયો હતો. એને જિંદગીમાં ચારે તરફ ફક્ત અંધારું જ અંધારું દેખાતું હતું. ટૂંકમાં, આટલો બધો બોજો ઉપાડીને એ ગળે આવી ગયો હતો. એટલે એણે જિંદગી ટૂંકાવી દેવાનું નક્કી કરી નાખ્યું.

આપઘાત કરવાના ઈરાદાથી એક વખત ઘરે કોઈ નહોતું ત્યારે મોકો જોઈ એણે ઘેનની ગોળીઓ ગળી લીધી. હવે મરવા માટે જેટલી ગોળીઓની જરૂર પડે તેનાથી ડોઝ થોડો ઓછો રહી ગયો હશે એટલે એ માત્ર ઊંડી ઊંઘમાં સરકી ગયો. અચાનક એને લાગ્યું કે એની આજુબાજુ જાણે દિવ્ય પ્રકાશ ફેલાઈ રહ્યો છે. જે તરફથી એ અદ્ભુત પ્રકાશ આવતો હતો એ બાજુ એણે નજર કરી. જોયું તો પરમ કૃપાળુ પરમાત્મા અતિ તેજસ્વી ચહેરા સાથે મંદ મંદ હાસ્ય વેરતાં ઊભા હતા.

જેવી બંનેની આંખો મળી કે તરત જ એ બોલ્યા, 'દીકરા ! મારા વહાલા સંતાન ! હું બોલાવું તે પહેલાં મારી પાસે આવવાની ઉતાવળ તને શા માટે થઈ આવી છે ?'

'હે પ્રભુ ! મને માફ કરજો. હું તમારી પાસે આવવાની ઉતાવળ કરું છું તેના માટે ક્ષમા કરજો. પરંતુ જિંદગીનું એક પણ પગલું આગળ માંડી શકવાની ત્રેવડ હવે મારામાં રહી નથી. મારી જવાબદારીઓ અને ચિંતાઓ અને દુઃખોનું આ પોટલું તમે જોયું ? હવે એનો ભાર વેંઢારવાની શક્તિ કે હિંમત એ બેમાંથી એકેય મારામાં રહ્યા નથી. એટલે હું મારી જિંદગી પૂરી કરી દેવા માંગું છું.' પોતાના ખભા પરના મોટા પોટલા સામે આંગળી ચીંધી એણે ભગવાનને કહ્યું.

'પણ મેં તો તમને સૌને તમારી બધી જ ચિંતાઓ મને સોંપી દેવાનું કહ્યું જ છે. તું પણ તારી ચિંતાઓ મને સોંપીને હળવો કેમ નથી થઈ જતો ?' ભગવાન હસ્યા.

'પણ ભગવાન ! તમે મને જ શું કામ સૌથી ભારે પોટલું આપ્યું છે ? મેં તો મારા પોટલા જેટલો ભાર ક્યારેય કોઈના ખભે જોયો નથી !' રડમસ અવાજે એ માણસે ફરિયાદ કરી.

'મારા દીકરા ! આ દુનિયામાં દરેકેદરેક વ્યક્તિને મેં કંઈક ને કંઈક બોજો ઉપાડવા આપેલ જ છે. અને એ ફરજિયાત છે. જો અહીંયાં તારા ઘણા આડોશી-પાડોશીઓનાં પોટલાં પડ્યાં છે. તને એવું લાગતું હોય કે તારું પોટલું જ મેં સૌથી ભારે આપ્યું છે તો તું એના બદલે આમાંથી બીજું લઈ શકે છે. બોલ, એવી અદલા-બદલી કરવી છે ?' માર્મિક હસતાં ભગવાને કહ્યું : નવાઈના ભાવો સાથે પેલા માણસે ભગવાનનાં ચરણ પાસે પડેલાં પોટલાંઓ તરફ નજર નાંખી. બધાં જ પોટલાંઓનું કદ પોતાનાં પોટલા જેટલું જ હતું. પણ દરેક પોટલા પર એક નામ લખાયેલું હતું. જે વ્યક્તિનું પોટલું હોય તેનું નામ-સરનામું એ પોટલા પર લખાયેલું હતું. સૌથી આગળ પડેલા પોટલા પરનું નામ એણે વાંચ્યું. એના પોતાના જ ઘરની બાજુમાં રહેતી એક અતિ સુંદર અને ખૂબ જ સુખી દેખાતી એક પૈસાદાર સ્ત્રીનું નામ એના પર લખેલું હતું. એ સ્ત્રીનો પતિ ખૂબ જ મોટો ઉદ્યોગપતિ હતો. એના ઘરમાં સમૃદ્ધિની તો રેલમછેલ રહેતી. ઘરની દરેક વ્યક્તિ માટે એ લોકો અલગ જ કાર વાપરતાં અને એ પણ પાછી ઈમ્પોર્ટેડ ! એ સ્ત્રીની દીકરીઓ મોંઘાદાટ પોશાકો અને અત્યાધુનિક ઘરેણાં જ પહેરતી. કોલેજમાં ભણતો એનો દીકરો દર મહિને એની કાર બદલાવતો. ઉનાળાની ગરમીનો એક મહિનો એ સ્ત્રી અને એનું કુટુંબ સ્વિટ્ઝર્લૅન્ડમાં જ વિતાવતાં.

આ સ્ત્રીનું પોટલું લેવાનો પેલા માણસને વિચાર આવ્યો. એણે પોતાનું પોટલું બાજુમાં મૂકીને એ સ્ત્રીનું પોટલું ઉપાડ્યું. પણ જેવું એણે એ પોટલાને ઊંચું કર્યું કે એને ખૂબ નવાઈ લાગી. એ સ્ત્રીનું પોટલુ હળવું હોવાને બદલે એના પોતાના પોટલા કરતાં બમણું ભારે હતું. માંડમાંડ એણે એ પાછું મૂક્યું.

પછી ભગવાન સામે જોઈને પૂછ્યું : 'ભગવાન ! આટઆટલી સુખસાહ્યબીમાં રહેતી આ સ્ત્રીનું પોટલું તો પીંછાં જેવું હળવું હોવું જોઈએ, એના બદલે એ આટલું બધું ભારે કેમ ? મને સમજાયું નહીં !' 'ન સમજાયું હોય તો તું જાતે જ એ ખોલીને જોઈ લે ને !' એ જ માર્મિક સ્મિત સાથે ભગવાને કહ્યું.

પેલા માણસે પોટલું ખોલ્યું. બહારથી ખૂબ જ સુખી અને અતિ વૈભવશાળી જીવન જીવતી એ સ્ત્રીના પોટલામાં રાતદિવસ એને હેરાન કરતી અને એનો જીવ લેવા માટે ઝંખતી એની કર્કશા સાસુ દેખાઈ. એ સ્ત્રીનો પતિ દારૂડિયો હતો. એ ધંધાના કામે દેશવિદેશમાં રખડતો રહેતો અને અત્યંત વ્યભિચારી જીવન જીવતો હતો. એના કારણે ભયંકર રોગો પણ એને ઘેરી વળ્યા હતા. પેલી સ્ત્રીને પણ એ બધા રોગોનો ચેપ લાગી ચૂક્યો હતો. પતિ-પત્ની બંને ગુપ્ત રીતે લાખો રૂપિયા એ રોગની સારવારમાં ખરચતાં હતાં. એનો દીકરો એક દાણચોર સાથે સંબંધ ધરાવતો હતો. એની દીકરીના માથા પર એણે પાટો જોયો. એ બિચારી મગજના કેન્સરથી પીડાતી હતી.

બસ ! એણે ઝડપથી પોટલું બંધ કરી દીધું. એ આગળ જોઈ ન શક્યો. એનાથી બોલાઈ જવાયું, 'ભગવાન ! બહારથી અત્યંત શ્રીમંત અને ખૂબ સુખી લાગતી સ્ત્રીનું જીવન આટલી બધી યાતનાઓથી ભરેલું છે ? હું કલ્પના પણ નથી કરી શકતો !'

ભગવાન હસી પડ્યા, કહ્યું : 'મેં તને કહ્યું ને ! દરેકની માથે પોટલું હોવું ફરજિયાત હોય છે. બીજાનું પોટલું તમને હળવું જ લાગે છે, કારણ કે એ તમારા ખભા પર નથી હોતું. હજુ પણ તારે બીજા કોઈનું પોટલું જોઈને એ લેવું હોય તો તને છુટ્ટી છે !' એ માણસ જેને જેને સુખી અને ખુશકિસ્મત માનતો હતો એમનાં નામ જોઈ જોઈને એણે પોટલાં ખોલી જોયાં. પણ નવાઈ પમાડે એવી વાત એ બની કે એ દરેક વ્યક્તિનું પોટલું એને વધારે ભારે અને પોતાથી અનેક ગણી

વધારે વિટંબણાઓથી ભરેલું દેખાયું. એક એક કરીને ઘણાં બધાં પોટલાં એ ફંફોસતો રહ્યો અને એ વખતે મંદ મંદ હાસ્ય વેરતા ભગવાન એકદમ શાંતિથી ઊભા હતા. ખાસ્સી વાર પછી અચાનક જ એણે પોટલાં ફંફોસવાનું બંધ કરીને હળવાશ સાથે કહ્યું, 'પ્રભુ ! મને મારું જ પોટલું આપી દો. લાગે છે કે એ જ આ બધામાં સૌથી હળવું છે !'

'એવું છે ? તો પછી તેને જિંદગી ટૂંકાવી નાંખવી પડે એટલો બધો ભાર શેનો લાગે છે ? જોઈએ તો ખરા કે એમાં શું ભરેલું છે ? તારું પોટલું ખોલ જોઉં !' ભગવાને કહ્યું. એ માણસે પોતાનું પોટલું ખોલ્યું. અંદર સોનાની ઈંટો હતી, પૈસાની થપ્પીઓની થપ્પીઓ હતી અને બીજા સાવ નાનકડા કહી શકાય તેવા પ્રશ્નોરૂપી પથ્થરો હતા ! 'દીકરા !' અત્યંત માયાળુ અવાજે ભગવાને કહ્યું, 'વરસોથી તું આ સોનાની ઈંટો લઈને ફરતો હતો અને આ પૈસાની થપ્પીઓ ભેગી કર્યે જતો હતો, તો પણ તારે વારો તો આપઘાત કરવાનો જ આવ્યો ને ? તો પછી એ સોનાની ઈંટો કે પૈસાની થપ્પીઓ કામની શું છે ? કોઈ લઈ જશે કે ખર્ચાઈ જશે એની બીકમાં તેં એનું વજન કેટલું વધારી દીધું છે ? હવે તું દુનિયામાં પાછો જા, અને આ પૈસા મારાં એવાં સંતાનોમાં વહેંચી દે કે જેને જિંદગીએ કંઈ જ નથી આપ્યું. જેઓ ભૂખે મરી રહ્યાં છે. હું તને ખાતરી આપું છું કે એમનો આનંદ જોઈને તારા આત્માને જે સુખ અને શાતી મળશે એ આ દોલતથી તને ક્યારેય નહીં મળ્યાં હોય. ઉપરાંત એ બધું આપવાથી તારા ખભા પરનાં પોટલાનું વજન પણ ઘટતું જશે ! અને હા ! આ નાના નાના ધારદાર પથ્થરો શેના ભેગા કર્યા છે બતાવ જોઉં !'

પેલા માણસને ઘણી શરમ આવી. નીચું જોઈને એ બોલ્યો, 'પ્રભુ ! એ મારાં અભિમાન, સ્વાર્થ, પાપ અને દ્વેષનાં પથ્થરો છે. જેની ધારથી મેં હંમેશા બીજાને ઈજા પહોંચાડવાનું કામ કર્યું છે.'

ભગવાન હસી પડ્યા. પછી બોલ્યા : 'કંઈ વાંધો નહીં બેટા ! તું તારે નિરાંતે દુનિયામાં પાછો જા. પણ એ નાના પથ્થરો મને આપી દે. આજથી હું એ બધું તારી પાસેથી લઈ લઉં છું !'

કહી કરુણાના અવતાર પરમાત્માએ એનાં પાપ, રાગ-દ્વેષ તેમજ અભિમાન વગેરેના પથ્થરો પોતાના હાથમાં લઈ લીધા. એ પથ્થરો એટલા તીક્ષ્ણ હતા કે ખુદ ભગવાનના હાથમાંથી પણ લોહીની ધાર થઈ. પેલા માણસને હવે ઘણી બધી હળવાશ લાગી રહી હતી. ભગવાનનો આભાર માનીને એણે એમને પ્રણામ કર્યાં. પછી પોતાનું જ પોટલું ખભે નાંખીને ધરતી પર પાછો આવવા માટે નીકળી પડ્યો. થોડેક દૂર ગયા પછી અચાનક એને કંઈક યાદ આવ્યું.

પાછાં ફરીને એણે ભગવાનને પૂછ્યું કે, 'પ્રભુ ! મારું પોટલું તો હંમેશાં મારા ખભા પર જ હોય છે. તો આ બધાંનાં પોટલાં અહીંયાં કેમ પડ્યાં છે ?' હવે ભગવાન એકદમ ખડખડાટ હસી પડ્યાં. પછી બોલ્યાં : 'મારા વ્હાલા દીકરા ! એ જ તો વાત છે જે તું છેક અત્યારે સમજી રહ્યો છે. આ દરેકના ખભે અસહ્ય અને તારા કરતાં પણ ક્યાંય ગણો વધારે ભાર છે, છતાં એ લોકો સરસ રીતે જીવી રહ્યાં છે, કારણ કે એમણે એમનું પોટલું મને સોંપી દીધું છે ! જ્યારે તું તારું પોટલું તારા ખભે લઈને જ ફર્યા કરે છે !'

હવે પેલા માણસના મગજમાં ચમકારો થયો. એની આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. ધીમા પગલે એ પાછો ફર્યો, ખભેથી પોટલું ઉતારીને એણે ભગવાનનાં ચરણોમાં મૂકી દીધું. પગે લાગ્યો. અને કોઈ દિવસ નહોતી અનુભવી એવી દિવ્ય હળવાશ અનુભવતો ધરતી પર પાછો આવવા નીકળી પડ્યો ! એ જ ક્ષણે ઘેન ઊતરી જવાથી એની આંખ પણ ખૂલી ગઈ !

મિત્રો : આપણે બધાજ આપણા જિંદગી ના પોટલાં ને ઉંચકી ફરીયે છીએ ....... જેમાં એવા એવા પથ્થરો છે જેની કોઈ જરૂરત જ નથી .... જે મળીયુ છે એમાં જ જિંદગી નો આનંદ છે ... પરંતુ આપણે એ ભૂલી બેઠા છીએ. અને જે નથી મળિયું એનાથી દુઃખી રહીયે છીએ

યાદ રાખજો કે ધરતી પર એક માનૂષીય જ એવો જીવ છે જે પૈસા કમાઈ છે પરંતુ બીજા બધાજ ( મનુસ્ય સિવાય ના ) જીવ શાંતિ થી જીવે છે ... કેમ કે એ બધા જીવ એમના પોટલાં ઉંચકતા નથી .... આ વાત સમજાય તો ઠીક ... નહિ તો આ દુનિયા વિશાળ છે અહમ ના પોટલાં ઉંચકી ને ચાલવા માટે !!!

જેની જીભમાં અમી તેને દુનિયા નમી
Remesh K. Doshi M. 98796 36628
Jinesh Doshi M. 8460186847
HIRA OPTICS
Verai Pada Pole, Gandhi Road, Ahmedabad.
રોશની ચશ્મા ઘર
તુલસીશ્યામ ફ્લેટ સામે, ભીમજીપુરા, નવા વાડજ
નરેન્દ્ર કે. દોશી M. : 8000360616
ROSHNI OPTICALS & WATCH
Sanjay Tower, Nr. Shyamal Cross Road, Satalite, Ahmedabad.
Aksha Doshi : 82382 58489


(M) 93286 82068
PIYUSH K. SHAH
FINANCIAL CONSULTANT
We Manage Money of Mutual Fund through Asset Allocation
We are Working in Term Life Insurance, Corporate Deposits & Secondary Bond Market

Resi.: 8/89, Rameshwar Apartment, Sola Road, Ahmedabad-63.
E-mail : globalfinancialmanagement2009@gmail.com

# કર્મનું ફળ

મારા નાના ગામડા ગામમાં મારો છે ADI ગાડી માં બેસી...

પ્રવેશ થયો...સાથે હું વિચારી રહ્યો હતો જીવન એ કર્મની ખેતી છે..જેવું વાવો તેવું લણો..

ગામમાં એક ટેકરી હતી જ્યાં એક ઘટાદાર ઝાડ અને ઝાડ નીચે બેચાર બાંકડા અને તેની બાજુ માં એક ગોળ ઓટલા ઉપર ભગવાનની નાની દેરી.. ત્યાં એક ચા અને નાસ્તાની લારી ઉભી રહેતી.....

હું કાર માંથી નીચે ઉતર્યો.... ગામડા ની માટી ને માથે ચઢાવી...અમારા તૂટેલા ઝૂંપડા જેવા મકાન સામે જોઈ ભીની આંખે મારા ભૂતકાળની દુઃખદ ક્ષણો હું યાદ કરી રહ્યો હતો.. થોડી વાર પછી મેં અમારા ખેતર સામે જોયું...

ખેતર ની વચ્ચે એક ઝાડ...અને એ ઝાડ ની નીચે મારા બાપ સાથે ગાળેલ આનંદની ક્ષણો પણ હું યાદ કરવા લાગ્યો.... આ એ ઝાડ છે જ્યાં મારા બાપે ખેતીમાં દેવું વધી જવાથી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી...માઁ નો પ્રેમ તો મેં જોયો જ ન હતો મારા જન્મની સાથે તેની કાયમી વિદાય ...

કોટ ના ખિસ્સામાંથી રૂમાલ કાઢી મેં આંખ લૂછી...

મેં ટેકરી નીચે ઉભા રહી ઉપર નજર કરી...એજ બે ચાર બાંકડા, ચા નાસ્તાની લારી ઉભી હતી..

હું ધીરા પગલે ટેકરી ચઢવા લાગ્યો. એક એક ડગલે હું મારા ભૂતકાળમાં જઈ રહ્યો હતો..

પપ્પાની અચાનક વિદાય થી હું હિંમત હારી ગયો હતો.. ન આર્થિક સપોર્ટ, ન માનિસક..મારે જવું ક્યાં ? એ મારા માટે મોટો સવાલ હતો...

આ ટેકરી ઉપર આવનાર ઘણા લોકો મને કપડાં અને મારા દેખાવ ઉપર થી પાગલ ગણતા હતા. લગભગ આ ટેકરી એ મારૂં જીવન અને આશ્રય બની ગયું હતું. કોઈ વખત રાત્રે બાંકડા ઉપર જ સુઈ જતો. આંસુ પણ ખૂટી ગયા હતા..પેટને પણ ભુખ્યા રહેવાની આદત ધીરે ધીરે પડી ગઈ હતી.

ભગવાન ની દેરી સામે જોઈ હું કહેતો સજા કરવા પણ પ્રભુ તને હું જ મળ્યો, એટલી કસોટી પણ ન કરતો કે તારામાંથી મને શ્રદ્ધા ઉઠી જાય.

આવા વિપરીત સંજોગોમાં કોઈ આપણને સમજે કે લાગણી આપે એ વ્યક્તિ દેવદૂતથી કમ હોતા નથી.

આ ટેકરી ઉપર રોજ ગોપાલકાકા ચા પીવા આવતા. તેને ચા નાસ્તાની લારીવાળા ને કીધું હતું. આ છોકરાને દિવસ માં બે વખત ચા અને બે વખત નાસ્તો આપવો..

રૂપિયા નો હિસાબ મારી સાથે કરી લેવો.

આજે આ ગોપાલકાકાનું ઋણ ઉતારવા હું ૧૭ વર્ષ પછી મારા ગામમાં આવ્યો છું.

હું ધીરે પગલે ટેકરી ચઢી દેરીમાં બેઠેલા ભગવાનને બે હાથ જોડી માથું ટેકવી કીધું, ભગવાન તારો જીગલો.. પછી હું બાંકડે બેઠો, ફરીથી દૂર દૂર નજર કરી પપ્પા અને મારા ખેતરને યાદ કરતો હતો. ત્યાં ચાની લારી ઉપરથી છોટુનો અવાજ આવ્યો સાહેબ ચા કે કોફી.. છોટુ પણ ઉમંરમાં મોટો થઈ ગયો હતો. એ મને ઓળખી ન શક્યો પણ હું તેને ઓળખતો હતો...

મેં કીધું છોટુ, એક ચા અને નાસ્તો. રૂપિયા ગોપાલકાકાના હિસાબમાં લખી લેજે, છોટુ એ ઝીણી નજરથી મારી સામે જોયું, તે વિચારવા લાગ્યો આ અજાણી વ્યક્તિ મારૂં અને ગોપાલકાકાનું નામ કેવી રીતે જાણે છે ?

એ દોડતો આવી મારા પગ પાસે બેસી ગયો અરે જીગાભાઈ તમે ? તમે તો ઓળખાતા નથી..બહુ મોટા સાહેબ બની ગયા લાગો છો

મેં ભીની આંખે કીધું અરે છોટુ મારે ક્યાં સાહેબ બનવું હતું મારે તો ખેતર ખેડવું હતું. સંજોગોએ મને ખેડૂતમાંથી બિઝનેસમેન બનાવી દીધો.

છોટુની પણ આંખો ભીની થઇ ગઇ. તમારી તકલીફો, એકલતા અને આંસુઓ નો હું સાક્ષી છું. બહુ કપરા દિવસો તમે પસાર કર્યા હતા.

છોટુ, ગોપાલકાકા ગામમાં ક્યાંય દેખાતા નથી. ઘરે તાળું છે, તેમનું ઋણ ઉતારવા અહીં હું આવ્યો છું.

છોટુ બોલ્યો..ગોપાલદાદા તો બહુ દુઃખી છે. દીકરાને રૂપિયા ખર્ચી ભણાવ્યો, નોકરી સારી મળી ગઈ પછી નથી રૂપિયા મોકલતો નથી કદી બાપ ને મળવા આવતો.

ભગવાને તમને યોગ્ય સમયે મોકલ્યા છે...આપણા ગામના મંદિરમાં એક ઓરડી ગામવાળા એ દયા રાખી તેમને આપી છે.

મેં ઉભા થતા છોટુના હાથમાં એક બંધ કવર મૂક્યું અને કીધું છોટુ, ઉપકાર કે પ્રેમની કિંમત આંકવા માટે નથી મારી લાયકાત કે નથી મારી હેસિયત કે નથી. મારી પાસે શબ્દો તે પણ મારા ખરાબ સમયમાં મને ઘણી તારાથી થતી મદદ કરેલ છે. એક વખત તો હું ઠંડી ની સીઝનમાં બાંકડા ઉપર સૂતો હતો ત્યારે ગરમ ધાબળો તે મને ઓઢાડ્યો હતો. એ હજુ ભુલ્યો નથી. દોસ્ત, આ મારૂં કાર્ડ તારી પાસે રાખ, મુસીબત વખતે વિના સંકોચે મને ફોન કરજે. ચાલ જયશ્રી કૃષ્ણ..

ફરીથી દેરીના ભગવાન ને પગે લાગી કીધું..

હું તને ભુલ્યો..નથી હવે અહીં દેરી નહીં અહીં તારૂં મોટું મંદિર બનશે. મારી શ્રદ્ધા ડગી જાય તે પહેલાં તેં મારા જીવનનું સુકાન સંભાળી લીધું.

હું ગામના મંદિર તરફ આગળ વધ્યો. મંદિરના ખૂણામાં ઓરડીની અંદર જ્યોરે મેં પ્રવેશ કર્યો ત્યારે ગોપાલકાકા ખાટલામાં બેઠા હતા. વર્ષો પહેલાની મારી દશા જેવી દશા તેમની હતી ગોપાલકાકાના

ચહેરા ઉપર ઘડપણ દેખાતું હતું. આંખે કાળા કુંડાળા, ગાલમાં ખાડાપડી પડ્યા હતાં. મેં કીધું જય શ્રીકૃષ્ણ ગોપાલકાકા..

એ બોલ્યા આવ બેટા, મેં તને ઓળખ્યો નહીં, હું તેમને પગે લાગ્યો. મેં કીધું ઓળખીને શું કરશો કાકા ? માણસને સમજવામાં મજા છે. એ ઓળખવામાં નથી.

મેં કીધું કાકા, હું તમારૂં ઋણ ઉતારવા આવ્યો છું. હું જીગલો, જીગર

અરે, બેટા આવડો મોટો થઈ ગયો. અચાનક ગામ તરફ ભુલા પડવાનું કારણ,

કાકા ઋણાનુબંધ જે જગ્યા અને જે વ્યક્તિ સાથે લખ્યું હોય ત્યાં આપણે ખેંચાવું જ પડે, તમારા આ ઓરડીમાં રહેવાના દીવસો હવે પુરા થયા. હવે તમારે મારી સાથે મારા ઘરે આવવાનું છે.

બેટા એવું કેવી રીતે બને...?

મેં ભીની આંખે કીધું, એક દીકરા એ હાથ અને સાથ છોડ્યો, તો બીજા દીકરા એ પકડ્યો. એવું સમજી લ્યો. કરેલા સ્તકર્મ કદી નકામા જતા નથી. તમારા સ્તકર્મની યાદી ભલે તમે ન રાખો પણ પ્રભુ એ હંમેશા યાદ રાખે છે. કાકા તમે મારા ભુખ્યા પેટમાં વગર કોઈ અપેક્ષાએ અન્ન નાખવાનું પુણ્ય નું કાર્ય એ વખતે કર્યું હતું.

કાકા બોલ્યા, બેટા જે સંતાનો માટે જાત ઘસી નાખી, તેને ભણાવવા રૂપિયા ખર્ચી નાખ્યા તે ઉપકાર ભૂલી ગયા અને મેં તારી મુસીબતના સમય માં ફક્ત બે વખત તને ચા નાસ્તો કરાવ્યો હતો એ ઉપકાર તેં આજના દિવસ સુધી યાદ રાખ્યો, ધન્ય છે બેટા

મેં કીધું, ગોપાલકાકા તમારો છોકરો ક્યાં નોકરી કરે છે ?

ગોપાલકાકાએ ગાદલા નીચેથી કાર્ડ કાઢી મને આપ્યું, બેટા અહીં નોકરી કરે છે. એવું આપણા ગામના એક છોકરાએ મને કીધુ હતું.

હું કાર્ડ જોઈ હસી પડ્યો. પણ હું કંઈ બોલ્યો નહીં.

હું અને ગોપાલકાકા કારમાં બેઠા...રસ્તામાં ગોપાલકાકા કહે, બેટા તું આવડો મોટો વ્યક્તિ કેવી રીતે બની ગયો.

કાકા એક રાત્રે આપણી ટેકરી ઉપર હું બાંકડે સૂતો હતો..

વહેલી સવારે ભગવાનની દેરી પાસે પોટલું જોયું. મેં તે ખોલ્યું, તો અંદર પુષ્કળ સોનાના ઘરેણાં હતા. મેં ભગવાન સામે જોયું. પોલીસને આપું કે હું રાખી લઉં એ ગડમથલમાં એક ઘરેણાંની ડબ્બીમાંથી બિલ નીકળ્યું તેમાં મોબાઈલ નંબર હતો અને ખરીદનારનું નામ પણ હતું. આ પોટલાંનો સાચો માલિક મને મળી ગયો. ગરીબી હતી પણ ઈમાનદારી લોહીમાં હતી. મેં એ મોબાઈલ નંબર લગાવી વિગતે વાત કરી. ત્યારે ખબર પડી. તેમના ઘરે ચોરી થઈ હતી. હું સમજી ગયો ચોરની પાછળ પોલીસ પડી હશે એટલે ચોર પોટલું મૂકી ભાગી ગયો હશે.

બીજે દિવસે ત્યારે પોટલાંના માલિકના ઘરે હું ગયો ત્યારે તેમનું હવેલી જેવડુ ઘર જોઈ મને ચક્કર આવી ગયા. તેમણે મને આવકાર્યો અને કીધું તમારા ચહેરા ઉપરથી તમે દુઃખી અને જરૂરિયાતવાળા લાગો છો. છતાં પણ તમારા ચહેરા ઉપર સ્વમાન અને ઈમાનદારીનું તેજ દેખાય છે. આ ઘરેણાંની કિંમત કરોડ રૂપિયા ઉપર થાય છે.

બેટા, તારૂં નામ જીગર, મારી કંપનીમાં તારા જેવા યુવાનની જરૂર છે. નોકરી કરીશ. મેં.. હા પાડી...

મારા ઋણાનુબંધ એ પરિવાર સાથે જોડાયા હશે. તેમને કોઈ સંતાન ન હતું. તેથી ધીરે ધીરે તેમની કંપનીમાં મને પાર્ટનર બનાવ્યો. આજે મેં મહેનત ઈમાનદારી ઉપર કરોડો રૂપિયાનું સામ્રાજ્ય ઉભું કર્યું છે અને ગોપાલકાકા કુદરતની કમાલ તો જોવો. આ પરિવાર નિઃસંતાન હોવાથી તેમની ગેરહાજરીમાં તેમની તમામ મિલ્કતોનો હકદાર તેમણે મને બનાવ્યો છે.

ગોપાલકાકા બોલ્યા, બેટા જનમ આપે જનેતા અને ભાગ્ય લખે કોઈ. ભગવાને તારી જીંગદીમાં ટર્નીંગ પોઈન્ટ લાવવા ચોરને તો માત્ર નિમિત્ત બનાવ્યો.

વાત સાચી કાકા, પણ તમે જે કાર્ડ મને બતાવ્યું, એ મારી કંપનીનું છે. મતલબ તમારો છોકરો મારી કંપનીમાં નોકરી કરે છે, તમે કહેતા હોં તો તેને કાલથી કાઢી મેલું.

ના બેટા દરેક વ્યક્તિને તેના કર્મની સજા અથવા પુણ્યનું ફળ મળે છે. એ મેં તારા કિસ્સા ઉપરથી જોઈ લીધું.

હુ એક નિસ્વાર્થ બાપ સામે જોતો રહ્યો, એટલે જ કીધું છે. પુત્ર કપુત્ર થાય પણ માંવતાર કમાવતર કદી ન થાય.

અજ્ઞાત...

SHAH ESTATE CONSULTANT
RERA REGISTERED
Jayesh Shah
+91 99740 89640
+91 98250 13076
JITO (Member) | A.E.B.A. (Member) | GREAC (Member)
Residential & Commercial Property
Rent|Sale|Lease, Home Loan Advisor
M-13/76, Rupal Park, Opp. Patrakar Colony, Vijaynagar, Naranpura, Ahmedabad - 380013
jayeshshah1376@gmail.com

જીતેન્દ્ર આર. શાહ તથા
વર્ષા જીતેન્દ્ર શાહ
લાઈફ ઈન્સ્યોરન્સ કન્સલ્ટન્ટ/એજન્ટ
૪૧ વર્ષથી લાઈફ ઈન્સ્યુરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાના એજન્ટ તેમજ ચેરમેન કલબ મેમ્બર
રહેઠાણ : સી/૯૦૧, શ્રીજી ટાવર્સ, ઇન્દ્રપ્રસ્થ ટાવર્સ સામે, ડ્રાઇવ-ઇન રોડ, ગુરુકુળ, અમદાવાદ-૩૮૦ ૦૫૨
એલ.આઈ.સી.ની તમામ જાતની સેવા માટે કોન્ટેક્ટ (મો.) ૯૮૨૫૦ ૧૧૨૩૨
"મૃત્યુ થવાનું છે તે માટે જિંદગીનો વીમો લેવાતો નથી, પણ પાછળ કોઇ જીવિત રહેવાનું છે, તે માટે જ જીવન વીમો જરૂરી છે.

## ચેતનાની ચિનગારી -મોજ ની ખોજ

મૌન સમજ્યા હોય એ હાથ ઊંચો કરે શબ્દો ગળી ગયા હોય એ હાથ ઊંચો કરે. શોધવા જશો જો ખામી' તો બધામાં દેખાશે ખામી અવગણ્યા હોય એ હાથ ઊંચો કરે. સુખના સાથી બની મહેફિલ તો ઘણી માણી દુઃખમાં સાથે રડયાં હોય એ હાથ ઊંચો કરે. ખબર નહીં કેમ પણ રડવાની ટેવ પડી છે દરેકને હસતાં હસતાં જીવ્યા હોય એ હાથ ઊંચો કરે. કોઈ ને કોઈનું નથી રહ્યું હવે, એવું સાંભળ્યું છે. સાહેબ, સમયે આંબા વાવ્યાં એ હાથ ઊંચો કરે.

શબ્દો મારાને આ લાગણી મારી કડવી તો છે છતાં જીવનમાં ઉતાર્યા હોય એ હાથ ઊંચો કરે.

જયકિશન દાણી



માણસ પોતાનું ઘમંડ એના સારા સમયે બતાવે છે..
પણ એનું પરિણામ એને તેના ખરાબ સમયે ભોગવવું પડે છે.

## શ્રેષ્ઠ પ્રેરણા પુરુષ

એક યુવાન હતો. એક મહાત્મા પ્રત્યે એને ખૂબ જ આદરભાવ હતો. એ મહાત્માની પ્રેરક વાણીએ એને જીવનમાં ખૂબ જ શીખવ્યું હતું. એમની પ્રેરણાને લીધે એને સાધુ બનવાનો અને લોકોની સેવા કરવાનો વિચાર આવ્યો હતો. એ એ મહાત્માને મળ્યો અને એમની પાસેથી દીક્ષા લીધી.

દીક્ષા લઈને એ સેવા અને પૂજાના કામ માટે નીકળી પડ્યો. જ્યાં પણ જતો ત્યાં એ પોતાના ગુરુની વાહવાહી કરતો. ધીમે ધીમે સ્થિતિ એવી થઈ ગઈ કે એણે પોતાના ગુરુને શ્રેષ્ઠ પ્રેરણા પુરુષ ગણાવવામાં અતિશયોક્તિ કરી નાખી અને બીજાને નીચા દેખાડવા માંડ્યો. એના મતે હવે આખી દુનિયામાં એક જ પ્રેરણા પુરુષ હતા અને એ હતા એના ગુરુ.

એ જ્યાં પણ જતો ત્યાં પોતાના ગુરુની મહાનતાની જ વાતો કરતો હતો. કોઈ ભૂલેચૂકે પણ બીજા કોઈ ગુરુ કે મહાત્માની વાત કાઢતું તો એ યુવા સાધુ એને ઉતારી પાડતો અને પોતાના ગુરુની જ વાત આગળ મૂકતો.

આમ ને આમ એ જગતના બીજા મહાન ગુરુઓની અને સંતોની ઠેકડી ઉડાવવા માંડ્યો હતો. એ કશાય પ્રયોજન વિના બીજા સાથે બાખડી પડતો અને પોતાના ગુરુને મહાન પ્રેરણા પુરુષ તરીકે શિખરે સ્થાપવાનો પ્રયત્ન કરતો હતો.

એક દિવસ એક બીજા મહાન સંત અને એમના શિષ્ય આ યુવા સાધુને ભટકાઈ પડ્યા. મળતા વેંત યુવા સાધુએ પોતાના ગુરુની વાહવાહી કરવા માંડી. એની વાત હતી એટલે પેલા બીજા શિષ્યએ પણ પોતાના ગુરુની વાત કાઢી. જેવી એણે વાત શરૂ કરી તરત જ યુવા સાધુ ગુસ્સે થઈ બોલ્યો, “ભાઈ, આ જગતમાં મારા ગુરુ જેવા શ્રેષ્ઠ પ્રેરણા પુરુષ બીજા કોઈ છે જ નહીં. તમે તમારા ગુરુની તો વાત જ ના કાઢશો. એ તો એમની સામે ઊભા પણ ના રહી શકે.”

યુવા સાધુના આવા કઠોર વાક્ય સાંભળી બીજા શિષ્ય ગુસ્સે થઈ કંઈક બોલવા જતો હતો પણ મહાત્માએ એને અટકાવ્યો અને પોતે જ વાત શરૂ કરી !

એમણે એને પૂછ્યું, ભાઈ, તારા ગુરુની ઉંમર કેટલી થઈ ?

જી, એંસી વરસ !

તો શું આ જગતમાં એમનાથી પહેલાં કોઈ મહાન પુરુષો થયા જ નથી? આપણે ત્યાં હજારો મહાત્માઓ થઈ ગયા છે જેમનામાંથી જ તારા ગુરુએ અને મેં પણ પ્રેરણા લીધી છે. ભાઈ, તારા ગુરુ સમર્થ હશે એમાં ના નથી, પણ એના કારણે તું બીજાઓને શા માટે ઉતારી પાડે છે. ગાંડાભાઈ, તું ઘાંચીના બળદ જેમ ઘૂમી રહ્યો છે. હાથે કરીને મનના દ્વાર શા માટે બંધ કરી રહ્યો છે? જરા આંખો ખોલીને જો. તારી આંખો અંજાઈ જશે એવા પ્રેરણાપંજો દુનિયામાં થઈ ગયા છે. એમનો લાભ લેવાનું ટાળીને તારી જાતને તું નુકસાન કરી રહ્યો છે. પ્રેરણા અને પ્રેરક પુરુષો તો કોટી કોટી છે. તું બંધ આંખે ના વિચાર. પ્રેરણા લે તો સારુ.

આટલું બોલી મહાત્મા ચાલ્યા ગયા. અચાનક પેલા યુવા સાધુની આંખો પરથી પટ્ટી દૂર થઈ ગઈ. એની આંખે હજારો-લાખો મહાન પ્રેરણા પુરુષોનું અજવાળું પથરાયું.

## આપણે જ આપણા પ્રેરણાસ્ત્રોત છીએ


જાણીતા ચિંતક વિલિયમ ફિધરનું એક સુંદર વાક્ય છે, દુનિયામાં હજારો નહીં લાખો કરોડો માણસો આપણી જેવા છે. જેઓ આપણા કરતાં વધારે બુદ્ધિશાળી નથી એવા લોકો પણ પોતાના જીવનની સમસ્યાઓનો ઉકેલ શોધી શક્યા છે. તો પણ આપણે કેમ ના શોધી શકીએ ?'

વિલિયમ ફિધરનું આ વાક્ય સામાન્ય વ્યક્તિ માટે સૌથી મોટો પ્રેરણાસ્ત્રોત બની શકે તેમ છે. આ દુનિયામાં અનેક લોકો એવા છે જેમનામાં બહુ આવડત કે વિચારવાની શક્તિ નથી, તેમ છતાં એ પોતાની જ જાતમાંથી પ્રેરણા લઈને એમના જીવનની આફતોને દૂર હડસેલી શકતા હોય છે. તો એમનામાંથી પ્રેરણા લઈને આપણે પણ આપણી આફતો દૂર કરવી જોઈએ. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે દરેક માણસનો સૌથી પહેલો પ્રેરણાૃોત એ ખુદ જ છે. દરેક માણસમાં ભગવાને અનેક શક્તિઓ મૂકી છે. એ શક્તિને પ્રેરણારૂપ ગણીને જો એનો ઉપયોગ કરવામાં આવે તો માનવી એના જીવનને સુખરૂપ વિતાવી શકે છે. યાદ રાખો, આપણે જ આપણા પ્રેરણાસ્ત્રોત છીએ. આપણે જ આપણા પ્રેરણાપુંજ છીએ.



માણસ પોતાનું ઘમંડ એના સારા સમયે બતાવે છે..
પણ એનું પરિણામ એને તેના ખરાબ સમયે ભોગવવું પડે છે.


અમે સ્ટાર નથી બનાવતા..
કલાકાર બનાવીએ છીએ !
શું તમે સારા કલાકાર બનવા માંગો છો !
શું તમે ટી. વી. માં આવવા માંગો છો !
શું તમે દર્શકોના હૃદયમાં વસવા માંગો છો !
PARISHA
ACTING STUDIO
સમાજના સભ્યો માટે સ્પેશિયલ ડીસ્કાઉન્ટ
C. G. Road, Ahmedabad. Call : 9898544798 • Email : parishaactingstudio@gmail.com • wwwparishaactingstudio.in


Infrasoul Techserve Pvt. Ltd.
Ph : 079 65 45 09 09 | www.infrasoul.com | info@infrasoul.com
HO : 805, Shapath 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad. Branch : Baroda | Surat
A Complete Security & IT Solution Provider
Biometric Solutions
Intrusion Alarm System
Public Addressing
Fire Alarm System
Automation
Video Surveillance
Infrasoul
Video Door Phone
Complete Network Solutions
EPABX
FTTH
Video Conferencing
Gates & Parking Automation
Solar Based Solutions
GPS Tracking
Associate Companies
Sanghvi Consultancy| Providing all Types of Insurance Solutions
Sanghvi Infotech Pvt Ltd.| A Complete IT and Networking company

# D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006

**Ph.:- 079 - 2658 5072 , 2658 5092**

E-mail :- ddenterprise2007@rediffmail.com

**-: DISTRIBUTOR :-**
Garment, Hosiery & Loungewear

| | |
|---|---|
| Jockey | Paras Hankies |
| Barry & Clark | Duke |
| Lyra Leggings | Stori |
| Sweet Dreams | Be Positive |
| Sherry | Dare |
| Cool Babes | Curve T-shirts |
| One 8 Socks | Grey Leaf |
| Arvind | Killer |

Milan Shah (Managing Director)
Cell: +91 92272 58500

# Webplus INFOTECH

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

- Website Design & Development
- Search Engine Optimization (SEO)
- Android, iOS Mobile App Development
- Corporate Identity
- Domain & Website Hosting
- Software Development

CIN: U72200GJ2014PTC079036

WEBPLUS INFOTECH PVT. LTD.
H-310, Titanium City Center, Next to Sachin Tower, 100 Feet Anand Nagar Rd, Jodhpur Village, Ahmedabad, Gujarat 380015
Phone: Tel : +91 79 40091079, 40081079 Email ID: info@webplusinfotech.net Website: www.webplusinfotech.net

# DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames
- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing
- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

**EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY**

Yosomate
सगाई से शादी तक|
app.yosomate.com

Yosomate (Your Soulmate) Gujarat's leading Premium Matrimony

વેલ-એજ્યુકેટેડ, વેલ-સેટલ્ડ યુવકો અને યુવતીઓ માટે પસંદગીની વિશાળ તક ટુંક સમય મા યોજનાર યુવામેળાના રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો.

8141120211

208, Shivalik Satyamev, Bopal cross road, Ahmedabad

જય જીનેન્દ્ર...!

Shortly Announcing

SOULMATE FEST-22

યુવામેલા-for Educated/ Elite profiles

Be our Franchise Partner

Simple process. No experience needed.
Work at your convenient time.
Low investment and High return.
Work from home.
Training provided.



# ભૂલકાં ચિલ્ડ્રન હોસ્પિટલ



- બાળરોગ અને નવજાત શિશુના નિષ્ણાંત
- રસીકરણ કેન્દ્ર
- જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોની સારવાર

ડો. અપૂર્વ એન. સંઘવી
એમ.ડી.ડી.પેડ.

TIME: 10:00 AM to 11:00 AM
5:30 PM to 8:30 PM

602, JP 12th બિઝનેસ હબ, રાજ સ્ટેશનર્સની સામે, કોટક બેન્કની ઉપર,
નહેરુનગર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ Contact No. 98250 96984, 82000 42397

CA Yesha Doshi


Deals in : Home Loan, Car Loan, Mortgage Loan, Construction Loan, Loan Against Property, Business Loan

Yesha Doshi & Associates

Also Deals in Book Keeping, GST, TDS Return & Income Tax Return

G-1, Ashwamegh Avenue, Nr. Mithakhali Under Bridge,
Mithakhali Six Cross Road, Navrangpura, Ahmedabad-380009

9429620317 doshi.financeassociates@gmail.com




: 6- G FLOOR, 103 -1st FLOOR NATIONAL PLAZA, C. G. ROAD, OPP. LAL BUNGLOW, ABD- 380009
Mo.: 98250 18891, 98252 18893, 97120 57444 Ph.: 26560670/71

Registered under Postal Registration No. GUJ-314/2020-2023 Valid up to 31st December 2023 issued by SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 18th of Every Month

 R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2021-2023

વિશ્વની નંબર ૧ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ટેકનોલોજી હવે કે. ડી. હોસ્પિટલ માં

કુશળ હાથો દ્વારા રોબોટિક્સ
ટેકનોલોજીનો અનુભવ કરો



**ડૉ. અમીર સંઘવી**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

**ડૉ. અતીત શર્મા**
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

**ડૉ. ચિરાગ પટેલ**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

**ડૉ. હેમાંગ અંબાની**
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120




**અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +91 95744 45559**

KD Hospital™
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

Shree Orthocare
Strength in Togetherness

www.kdhospital.co.in KDHospitalOfficial KD Hospital kdhospitalofficial

Vaishnodevi Circle, SG Road, Ahmedabad - 382421, Call : +91 98240 33360

પ્રેષક : If undelivered to return to

Reg. No. GUJ-314/2021-2023 Valid up to 31-12-2023

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**

"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર
રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦

પ્રતિ શ્રી, ____________________

મુદ્રક અને પ્રકાશક : શ્રી અજય નગીનદાસ દોશી - શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ
મુદ્રણ સ્થાન : જય ઓફસેટ (ગુજરાત) પ્રા. લી. ૧૫, પંચરત્ન ઇન્ડ.એસ્ટેટ, સરખેજ બાવળા હાઇવે, ચાંગોદર, અમદાવાદ - ૩૮૨૨૧૩
પ્રકાશન સ્થળ : "શાન્તમ", ૫ મો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯ ફોન નં. ૨૬૪૨ ૫૬૭૦ (મો) ૮૨૩૮૦ ૫૫૫૭૫